તા- ૧૫/૦૫/૨૦૨૦


शार्दूल शिशु विहार
स्वयमेव मृगेंद्रता
Gives the gift of stories
To your children
- Mulshankar Bhatt
/ Shardul Shishuvihar
/ www.shardul.org

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 3 | | 2 | 4 | 7 | | |
| | | 8 | 1 | | 5 | 6 | | 2 |
| 4 | | | 9 | | 7 | | | 8 |
| | | | | 5 | 2 | | | 6 |
| | 4 | | | | 1 | 8 | 5 | |
| | 1 | | 6 | | | 4 | | |
| 5 | | 2 | | 9 | | | 8 | |
| 8 | | | | | 6 | | 7 | 5 |
| | | 9 | 5 | | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | 3 | | 1 | | 5 |
| 4 | 2 | | | 6 | 9 | 3 | | |
| 9 | | | | | | 6 | | 4 |
| | | | | 1 | 8 | | 4 | 2 |
| | 8 | 1 | | | 5 | | | |
| | | 6 | 3 | | 2 | | 8 | |
| 1 | | | | | | 4 | | 6 |
| | 7 | | 8 | 5 | | | 3 | |
| 5 | 3 | | 9 | 4 | | | | |

## ઉખાણું

ખાટી-મીઠી પોચી-પોચી
રંગે લીલી કાળી છું
વેલાં ઉપર મારો જન્મ
બોલો હું કોણ છું.?

## જોડકણા

એકલ ખાજા, દુગલ રાજા,
તીન તડાકા, ચોગલ મોગલ;
પંચમ ભાલુ, છક્ક બે છૈયા
સત્તાક પૂતળી, અઠાક હાંડી
નવાક ઠળિયો, દસાક પડિયો.

(લખોટાની રમત રમતી વખતે છોકરાઓ બોલે છે)

# ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | સફેદ કાગળ, પૂંઠું, લાકડાની સળી, કલર, કલરિંગ કાગળ. |
| વર્ણન | ૮૪.૧ પૂંઠા પર કાગળ લગાડવો, લાકડાની સળી લગાવવી, તેમાં કલર કરવો, કલર કાગળની ડીઝાઇન બનાવીં લગાવવીં. |



# ચિત્ર



# વાર્તા



## કહ્યું કશું ને સમજ્યાં કશું

— હુંદરાજ બલવાણી

એક રાજા હતો. રાજાનો એવો નિયમ કે દર છ મહિને એના બધા સૈનિકોને મળે અને એમના ખબરઅંતર પૂછે. આવી મુલાકાત વખતે રાજા દરેક સૈનિકને ત્રણ સવાલ પૂછે : તારી ઉંમર કેટલી ? તને સૈન્યમાં દાખલ થયે કેટલો વખત થયો ? તને ખોરાક અને કપડાં બરાબર મળે છે ને ? રાજા દરેક સૈનિકને આ જ ત્રણ સવાલ પૂછે ને આ જ ક્રમમાં પૂછે. હવે થયું એવું કે રાજાનો સૈન્યની મુલાકાત લેવાનો સમય થવા આવ્યો હતો એ વખતે એક યુવાન સૈન્યમાં ભરતી થયો. ટુકડીના નાયક પર ચિઠ્ઠી લખીને નાયકના એક મિત્રે આ યુવાનને મોકલ્યો હતો. એ વખતે સેનાપતિ બહારગામ ગયા હતા. સેનાપતિ આવશે એટલે એને વાત કરી દઈશ એવું વિચારી નાયકે એ યુવાનને સૈન્યમાં દાખલ કરી દીધો. હવે આ યુવાન બીજા પ્રાંતમાંથી આવતો હતો. એને આ પ્રાંતની ભાષા બિલકુલ આવડે નહિ. બીજી બાજુ રાજાની મુલાકાતનો સમય થવા આવ્યો હતો. સેનાપતિ હજુ બહારગામથી આવ્યા નહોતા. નાયક મૂંઝાયો, હવે શું કરવું ? બહુ વિચાર કરીને એણે એક ઉપાય શોધી કાઢ્યો. પેલા યુવાનને એણે ત્રણ જવાબો એ પ્રાંતની ભાષામાં ગોખાવવા માંડયા. રાજા પહેલો સવાલ પૂછે અને સવાલ પૂછીને જેવા અટકે કે પેલા યુવાને ફટ દઈને ‘બાવીસ વરસ’ એવો જવાબ આપવાનો. એ જ રીતે બીજો સવાલ પુછાય ત્યારે ‘પંદર દિવસ’ એવું કહેવાનું ને ત્રીજો સવાલ પુછાય ત્યારે ‘બેય પૂરતા પ્રમાણમાં’ એમ કહેવાનું. પેલો યુવાન તો આ ત્રણેય જવાબો માંડયો ગોખવા ! રાજાની મુલાકાતનો દિવસ આવ્યો ત્યાં સુધીમાં તો આ ત્રણે જવાબો એને સાવ મોઢે થઈ ગયા.

રાજાની મુલાકાતનો દિવસ આવ્યો. નાયકની ટુકડીનો વારો આવ્યો.

રાજા બધાને ત્રણ સવાલો પૂછતા જાય છે ને બધા સૈનિકો ફટફટ જવાબો આપતા જાય છે. એમ કરતાં આ પરપ્રાંતના યુવાન સૈનિકનો વારો આવ્યો. હવે કોણ જાણે શું થયું, પેલા યુવાનનો વારો આવ્યો ને રાજાએ સવાલનો ક્રમ સહજ ઊલટાવી દીધો. પહેલો સવાલ ઉંમર વિશે પૂછવાનો હતો એને બદલે રાજાએ પેલા યુવાનને પૂછ્યું, ''તને સૈન્યમાં દાખલ થયે કેટલો વખત થયો ?'' હવે પેલા યુવાન માટે તો ગોખણપટ્ટી ઝિંદાબાદવાળી હતી. એણે તો ફટ કરતું કહી દીધું, ''બાવીસ વરસ.'' રાજા તો આ યુવાનનો ઉત્તર સાંભળીને સડક થઈ ગયો. એ પોતે હજુ દસ વરસથી જ ગાદીએ બેઠો હતો. એ પહેલાં એના પિતા રાજ્ય કરતા હતા. સૈનિકોની મુલાકાત લેવાનો ક્રમ એના પિતાના વખતથી ચાલતો આવતો હતો. એના પિતા સૈનિકોની મુલાકાત લેતા ત્યારે પણ એ પિતા સાથે આવતો હતો. એ વખતે એણે આ યુવાન સૈનિકને ક્યારેય જોયો નહોતો. પોતે રાજા થયો પછી પણ એણે સૈનિકોની મુલાકાત લેવાનો ક્રમ જાળવી રાખ્યો હતો. આ દસ વરસમાં પણ એણે ક્યારેય આ સૈનિકને જોયો નહોતો. વળી સૈન્યમાં દાખલ થવા માટેની ઓછામાં ઓછી ઉંમર વીસ વરસ નક્કી કરવામાં આવી હતી. આ સૈનિક જો બાવીસ વરસથી સૈન્યમાં હોય તો એની ઉંમર ઓછામાં ઓછી બેતાળીસ વરસની હોય. આ તો હજુ સાવ યુવાન હતો. રાજાના મનમાં કશી વાત બેઠી નહિ. યુવાન સૈનિકે જવાબ આપવામાં ભાંગરો વાટ્યો એથી પેલા બિચારા નાયકના તો મોતિયા મરી ગયા. પણ શું કરે ? રાજાએ બીજો સવાલ પૂછ્યો : ''તારી ઉંમર કેટલી ?'' પેલાએ તો જવાબ જીભને ટેરવે જ રાખેલો. ફટ દઈને કહી દીધું : ''પંદર દિવસ !'' રાજા તો આ સાંભળી ધૂંઆપૂંઆ થઈ ગયો. એને થયું કે સૈનિક મારી મજાક ઉડાવે છે. ગુસ્સે થઈને રાજા બોલ્યો, ''કાં તો હું મૂર્ખ છું કાં તો તું મૂર્ખ છે !'' પેલા યુવાન સૈનિકે ભોળા ભાવે કહી દીધું, ''બેય પૂરતા પ્રમાણમાં.'' હવે તો રાજાનું મગજ ફાટીને ધૂમાડે ગયું. એણે મ્યાનમાંથી તલવાર કાઢી. સૈનિક બિચારો શિયાંવિયાં થઈ ગયો. નાયક રાજાના પગમાં આળોટી પડયો ને પેટછૂટી સઘળી વાત કરી દીધી. યુવાનનો બિચારાનો કશો વાંક નથી એવી સ્પષ્ટતા કરી. યુવાનને માફી આપવા કાલાવાલા કર્યા. આ સાંભળી રાજાનો ગુસ્સો ઊતરી ગયો. યુવાનના જવાબો એને ફરી યાદ આવ્યા. આ જવાબો યાદ આવતાં રાજા હસી–હસીને ઢગલો થઈ ગયો.

■

# વિજ્ઞાન પ્રયોગ

## ગુરુત્વાકર્ષણને પ્રસ્થાપિત કરો

### સાધનો



પાણી



નાની ડોલ



દોરી

### સૂચનાઓ :

- ડોલ લગભગ પોણી ભરાય તેટલું પાણી ભરો.
- ડોલના દાંડાની ભાગ ઉપર દોરી બાંધો. દોરીની મદદથી ડોલને પકડીને તમારી સામે જમીન તરફ નીચે અને તમારી પાછળ આકાશ તરફ ઉપર જાય તેવી રીતે ગોળ-ગોળ એવી રીતે ફેરવો કે ડોલ તેનો રસ્તો જમીન તરફ વાળી દે.
- ગોળ-ગોળ ફેરવવાની ઝડપ અને ગતિ એકસમાન રહેવી જોઈએ. ડોલ ઊર્ધ્વ ગોળાકારમાં ફરે તેમ એટલી ઝડપથી ગોળ-ગોળ ફેરવો જેથી અંદરનું પાણી બહાર ન આવી જાય.
- એક વખત આટલું સિદ્ધ થઈ ગયા પછી, પાણી ફરી ડોલમાંથી બહાર નહિ આવે.

**સારાંશ :**

જો તમે તમારા હાથથી ગોળ-ગોળ ફેરવતી વખતે , તેની ઝડપ અને સમતલ ગતિની કાળજી રાખી શકશો , તો પાણી ડોલની અંદર જ રહેશે .

**સિદ્ધાંત :**

આવું થવાનું કારણ એ છે કે જ્યારે ડોલનું માથું નીચે હોય છે ત્યારે ગુરુત્વાકર્ષણ બળથી પાણીને પૃથ્વી ઉપર પોતાના કેન્દ્રમાં ખેંચે છે ત્યારે ડોલ ઉપર આકાશ તરફ જાય છે ત્યારે પાણીની ગતિ તેને ડોલની અંદર જ રહે તેમ બળ કરે છે જેથી પાણી ડોલની બહાર નીકળી શકતું નથી .



| ગૃહકાર્ય |
|---|
| https://vimeo.com/showcase/7100891 |
| https://www.youtube.com/watch?v=YAYXmwex1yA&feature=youtu.be |
| બાળમિત્રો, હવે ઘરના દરેક સભ્યોના માથામાં તેમની ઇચ્છા પ્રમાણે તેલ ચંપી કરી આપીશું... ધ્યાન રાખીને કરજો... તે સભ્ય ખૂબ રાજી થઇ જાય એ રીતે તેલ ચંપી કરજો... |
| બાળમિત્રો, હવે મમ્મીની સાથે મીટીંગ કરો અને બપોરનું અને રાત્રીનું જમવાનું મેનુ નક્કી કરો... મેનુ નક્કી થયા બાદ તેના માટેનું સીધું-સામાન કાઢવામાં મમ્મીને મદદ કરો... |

| રમત |
|---|
| https://vimeo.com/showcase/7100903 |
| https://vimeo.com/showcase/7100897 |
| https://www.youtube.com/watch?v=lMDadlluVNE&feature=youtu.be |

| મેરા ભારત મહાન. |
|---|
|  |



| -: રામાયણ :- |
|---|
| "રામાયણ" શબ્દનો અર્થ શું થાય? |

## दुर्लभं भारते जन्म

# દૈત્ય સુદાન મંદિર, લોણાર , મહારાષ્ટ્ર



દૈત્ય સુદાન મંદિર એ મહારાષ્ટ્રના બુલધાના જિલ્લાના લોણાર ગામે સ્થિત એક વિષ્ણુ મંદિર છે જેનું ચાલુક્ય રાજવંશ દરમિયાન નિર્માણ થયેલું છે. ચાલુક્યવંશએ છઠ્ઠી થી બારમી સદી દરમિયાન મધ્ય અને દક્ષિણ ભારતમાં શાસન કર્યું હતું. આ સ્થળ ત્યાં આવેલા લોણાર સરોવરથી વધુ પ્રખ્યાત છે. દૈત્ય સુદાન મંદિર હેમાદપંથી વર્ગનું છે અને તે અનિયમિત તારાના સ્વરૂપમાં બનાવવામાં આવ્યું છે. તેમાં ખજુરાહો મંદિરોમાં જોવા મળતા જેવું જ કોતરકામ છે. આ મંદિરની મૂર્તિ એક ધાતુથી બનેલી છે પરંતુ તે પથ્થર જેવી લાગે છે. મંદિરની છત પર કોતરણી કરવામાં આવી છે અને બાહ્ય દિવાલો પણ કોતરવામાં આવેલી વિવિધ કૃતિઓમાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા લવણાસુરની હત્યા, કંસ અને કૃષ્ણની કથા, નરસિંહ અને હિરણકશ્યપની વાર્તા અને રાસક્રીડા મુખ્ય છે.

એવું માનવામાં આવે છે કે આ મંદિર મૂળ સૂર્યદેવને સમર્પિત હતું. જો કે, વર્તમાનમાં તે દૈત્યસુદાન અવતારમાં તેનું વિષ્ણુ ભગવાનનું વૈષ્ણવ મંદિર છે. એક કથા છે કે લોણાસુર અથવા લવણાસુર નામનો રાક્ષસ તેની બહેનો સાથે આ વિસ્તારમાં રહેતો હતો. તેમને ભગવાન વિષ્ણુએ તેમના દૈત્યસુદાન અવતારમાં અહીં માર્યા હતા અને તેથી આ સ્થળનું નામ એ રાક્ષશ પરથી અને મંદિર દૈત્ય સુદાન ના નામથી જાણીતું છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।



## -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |